લગ્નના નવ વર્ષ બાદ પ્રસુતાએ ત્રણ બાળકોને જન્મ આપ્યો

૧૦ હજાર દર્દીએ આવો એક કિસ્સો જોવા મળે છે સિવિલની તીબીબી ટીમે ઉમદા સારવાર પૂરી પાડી

ગાંધીનગર, તા. ૧૧

તા. ૧૧-૧૨-૧૩ના અનોખા સંયોગ વચ્ચે શહેરની સિવિલ હોસ્પિટલમાં માતાએ ત્રણ બાળકોને જન્મ આપ્યો હતો. સિવિલ હોસ્પિટલના ગાયનેક ડૉક્ટર તેમજ તેમની ટીમે ઉમદા સારવાર પુરી પાડી બાળકોને જન્મ આપ્યો હતો. સિવિલ હોસ્પિટલના ગાયનેક ડૉ. રાકેશ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મહેસાણાના લલિતાબેન ગોરખાની છેલ્લા કેટલાક સમયથી ટ્રીટમેન્ટ ચાલતી હતી જ્યારે ગઈકાલે સાંજે તેમને લેબર પેઈન થતા હોસ્પિટલમાં

(તસવીર : વિપુલ ચૌહાણ)

હતી. ડૉક્ટરના જણાવ્યા મુજબ દર ૧૦ હજાર ડીલીવરીએ આ પ્રકારનો કિસ્સો જોવા મળે છે. ટ્રીપ્લેટ ડીલીવરીના અંતે ત્રણેય બાળકો અને તેમની માતા તંદુરસ્ત હાલતમાં છે.

આજના દિવસે આંકડાના અનોખા સમન્વયના તારીખનો વિશેષ સંયોગ રચાયો હતો. જેના પરિણામે લગ્નો માટે પણ ભારે ક્રેઝ જોવા મળ્યો હતો. જ્યારે મિલેનિયમ બેબીની જેમ આ તારીખના સંયોગને લઈ ખાનગી દવાખાનાઓમાં ડિલીવરીની રેટ પણ અગાઉથી જ ફીક્સ કરી દેવાઈ હતી. બીજી તરફ ચઢતા ક્રમના આંકની તારીખના સમન્વય વચ્ચે ગઈકાલે મોડી રાત્રિના સમયે શહેરની સિવિલ હોસ્પિટલમાં એક માતાએ ત્રણ દાખલ કરવામાં આવ્યા હતા. ગર્ભમાં ત્રણ બાળક હોવાથી નોર્મલ ડીલીવરી જોખમી હોવાનું માલુમ પડ્યું હતું. જેના લીધે રાત્રીના સમયે સિઝેરીયન કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના અંતે દર્દીએ ત્રણ સંતાનો બે દીકરી તેમજ એક દીકરાને જન્મ આપ્યો છે. ત્રણેયનું વજન ૨ કીલો જેટલું છે. ત્રણેય બેબી ગર્ભમાં અલગ-અલગ આવરણમાં હતા. દર ૧૦ હજાર ડીલીવરીએ આ પ્રકારનો એક કિસ્સો જોવા મળે છે. નવ વર્ષના લગ્નગાળા બાદ પ્રથમ વખતની પ્રેગ્નસી દરમિયાન જ દર્દીએ ત્રણ બાળકોને જન્મ આપ્યો હતો. તબીબી ટીમમાં એનેસ્થેટીસ સીતલબેન નર્સિંગ આસિસ્ટન્ટ હીરલ કોશલે પણ ઉમદા ફરજ અદા કરી હતી.

શુભ-લાભ આવાસ યોજનાના સેમ્પલ હાઉસ તૈયાર

(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા. ૧૧

રાયસણમાં સ્થિત ગુડાની શુભ લાભ આવાસ યોજના અન્વયે 'સેમ્પલ હાઉસ' તૈયાર કરી દેવાયું છે. ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે તૈયાર થતી આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે આવાસ યોજના અન્વયે આગામી સમયમાં ડ્રોની પ્રકીયા હાથ ધરવા પણ ગુડા દ્વારા ફોર્મ ચકાસણીના અંતે અરજદારોના ખૂટતા પુરાવાઓ પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણમાં આવાસ

આવાસ યોજનાના ડ્રો માટે ફોર્મ ચકાસણી આખરી તબક્કામાં

યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ૩૬ ચો.મી. ના મકાનોમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરવા તેમજ આવાસ યોજનાને નમૂનારૂપ બનાવવા ગુડાના તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આવાસ યોજનાનું બાંધકામ પણ મજબૂત થાય તેમજ અરજદારોને નમૂનારૂપ સેવાનો લાભ મળે તે માટે ગુડાના તંત્ર દ્વારા કન્સ્ટ્રકશન સાઈટ પર સતત સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે. આવાસ યોજનાને આનુસંગિક લીફ્ટ સહીતની જરૂરી સુવિધાઓ પુરી પાડવા આયોજન થઈ રહ્યું છે. ગુડાની શુભ-લાભ આવાસ યોજના અન્વયે ૧૨૫૦ જેટલા અરજદારોએ ફોર્મ ભરીને સુપ્રત કર્યા છે. ત્યારે આવાસ યોજના અન્વયે ડ્રોની પ્રકીયા હાથ ધરાય તે અંગેની તૈયારી પણ આખરી તબક્કામાં ચાલી રહી છે. આમ આ યોજનાને લઈ પુરજોશમાં કામ ચાલી રહ્યું છે. જ્યારે સ્થળ પર 'સેમ્પલ હાઉસ' પણ તૈયાર કરી દેવાયું છે. ફર્નિચર સાથેનું સેમ્પલ હાલ રેડી થઈ ગયું છે. સેમ્પલ હાઉસ જોઈ આવાસ યોજના આખરી રૂપે કેવી તૈયાર થશે તેનો ખ્યાલ સરળતાથી આવી શકે તેમ છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલને છેલ્લા ત્રણેક દિવસથી બી.પી. રહેતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- ચૂંટણી પંચના કન્સલટન્ટ શ્રીમતિ સત્યવાણી ગંધમ આજે જિલ્લા કલેક્ટર કચેરીમાં આવ્યા હતા.
- રાજયના તકેદારી આયુક્ત શ્રી અચલકુમાર જયોતિ આજે કલેક્ટર કચેરીની મુલાકાતે આવી રહ્યા છે.
- કલોલ મામલતદારની ઈ.ધરા બ્રાન્ચમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે.
- સુરત પશ્ચિમ બેઠક પર વિજયી થયેલા ભાજપના શ્રી પૂર્ણેશ મોદીએ આજે અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાની ચેમ્બરમાં ધારાસભ્ય પદના શપથ લીધા હતા.
- માણસા તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા-ચૂંટણીની પ્રચાર ઝુંબેશ તેના અંતિમ તબક્કામાં વેગીલી બનતાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

હાઈડ્રોજન ગેસના બાટલા ભરેલી ટ્રક દહેજથી હિંમતનગર જતી હતી

ગઈ મોડી સાંજે અકસ્માતે લવારપુર પાટીયા પાસે ટ્રક સળગી ઉઠતા ભારે નાસભાગ મચી ગઈ હતી

ગાંધીનગર, તા. ૧૧

અમદાવાદ-હિંમતનગર હાઈવે પરથી પસાર થઈ રહેલી ગેસના બાટલા ભરેલી ટ્રકને અકસ્માત થયા બાદ લવારપુર ગામના પાટીયા પાસે સળગી ઉઠતા અફડાતફડી થઈ જવા પામી હતી. મહામહેનતે આગ કાબુ લેવામાં આવી હતી. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. જે ટ્રક સળગી હતી તે ટ્રકમાં હાઈડ્રોજન ગેસના બાટલા ભરેલા હતા.

ગુજરાત ફ્યુરો કેમિકલ લીમીટેડ દહેજથી ગુજરાત અંબુજા લીમીટેડ દાલપુર હિંમતનગર આ ટ્રક લઈ જવાઈ રહી હતી. ૨૦૯૨૨ ક્યુસેક મીટર ગેસ ટ્રકમાં ભર્યો હતો. અકસ્માત લવારપુર પાસે થતાં ભયંકર આગ ભભુકી હતી. ફાયરબ્રિગેડની ટીમે આગને કાબુમાં લી લીધી હતી. આ ટ્રકમાં ભરેલા ગેસના બાટલાની તપાસ કરતાં હાઈડ્રોજનના બાટલા હોવાનું બહાર આવ્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, લિયોડા)

સ્કૂલ વાહન સંચાલકો તથા શાળાના આચાર્યની શુક્રવારે એસ.પી. સાથે બેઠક

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્કૂલ વર્ધી મારતા વાહનોના અકસ્માતો વધતા આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલે તાત્કાલિક અસરથી આજે સ્કૂલ વર્ધી સંચાલકો સાથે બેઠક યોજી હતી પરંતુ આ બાબતની જાણે ગંભીરતા ડ્રાઈવરોને ન હોય તેમ ખુબ જ ઓછી સંખ્યામાં ડ્રાઈવરો ઉપસ્થિત રહ્યા હતા. જેને પગલે હવે એસ.પી.એ શુક્રવારે બપોરે ચાર વાગ્યે ડીએસપી કચેરીએ પુનઃ બેઠક બોલાવી છે. જેમાં વાલીઓ, શાળાના આચાર્ય તથા રીક્ષા અને વાનના ચાલકોને બોલાવવામાં આવ્યા છે. આ બેઠકમાં આર.ટી.ઓ.ના પ્રતિનિધિ અને જિલ્લાના શિક્ષણ વિભાગના એક પ્રતિનિધિને પણ હાજર રાખવામાં આવશે.

આજે ધોરણ-૧૧ સાયન્સ સેમેસ્ટર-૧નું પરિણામ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર-૨૦૧૩માં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ આવતીકાલે સવારે ૯:૩૦ કલાકે શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ઉપરથી પરીણામ જાણી શકશે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

'ઓલ ઈન્ડીયા ક્રાઈમ પ્રીવેન્શન સોસાયટી', 'ઓલ ઈન્ડીયા એન્ટી કરપ્શન કમીટી' જેવા લખાણો ગાડી પર લખીને કેટલાક હાઈવે વિસ્તારોમાં, હોટલોમાં રોફ મારીને તોડ કરતાં હોવાના કિસ્સાઓ બનતા પોલીસને ધ્યાને આવેલા છે. ગાંધીનગરમાં આવુ લખાણ વાળી એક ગાડી નીકળતા એલસીબીની ટીમે ગાડી ડીટેઈન કરીને મહેસાણાના બે વ્યક્તિઓની પુછપરછ શરૂ કરી હતી. હજુ સુધી બન્ને પાસેથી કાંઈ શંકાસ્પદ જણાઈ આવ્યું નથી. પરંતુ તેઓ આ પ્રકારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે કે કેમ તેની તપાસ એલસીબીની ટીમ ચલાવી રહી છે. બન્ને વ્યક્તિઓને મુક્ત કરીને ગાડી ડીટેઈન કરવામાં આવેલી છે.

સે. ૧૭ લાયબ્રેરી સામે એઠવાડ નાંખવા કરેલા ખાડામાં ગાય ખાબકી

ફાયરબ્રિગેડની ટીમ અને લાયબ્રેરીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ મળીને દોઢ કલાકની જહેમત બાદ ગાયને દોરડાથી બહાર કાઢી બચાવી લીધી

ગાંધીનગર, તા. ૧૧

પાટનગરના સેક્ટર-૧૭ મધ્યસ્થ ગ્રંથાલય (લાયબ્રેરી)ની સામેના મેદાનમાં અવારનવાર લગ્નપ્રસંગો યોજાતા રહેતા હોય છે. આ પ્રસંગોને પગલે મેદાનના ખુણામાં એઠવાડના નિકાલ માટે ૩ ફૂટ જેટલો પહોળો અને પાંચેક ફૂટ ઊંડો ખાડો ખોદવામાં આવેલો છે. આજે બપોરના અરસામાં ખોરાકની શોધમાં એક રખડતી ગાય એઠવાડના ખાડા પાસે પહોંચી ગઈ હતી. ખાડામાં પડેલો એઠવાડ ખાવા જતા ગાયનો પગ લપસી ગયો અને ખાડામાં ગાય ખાબકી હતી.

ખાડામાં ખાબકેલી ગાયને બચાવવા માટે લાયબ્રેરીમાં અભ્યાસ અર્થે આવતા કેટલાક વિદ્યાર્થીઓ પહોંચી ગયા હતા. સામાન્ય રીતે ગાય બહાર નિકળે તેમ ન હોવાથી ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને બોલાવી લેવામાં આવી હતી. દોઢ કલાકની જહેમત બાદ ટીમે અને વિદ્યાર્થીઓએ મળીને દોરડા વડે ગાયને ખાડામાંથી બહાર કાઢી બચાવી લેવામાં સફળતા મળી હતી.

ખેત મજૂરના દૈનિક લઘુત્તમ વેતનમાં ૩૦નો વધારો કરાયો

મોદીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં નિર્ણય : ૭૨ લાખથી વધુ ખેત શ્રમયોગીને વાર્ષિક ૩૩૭૦ કરોડથી વધુ આર્થિક ફાયદો થશે : વેતનદરમાં ૨૫ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં કૃષિક્ષેત્રે શ્રમિક તરીકે કાર્યરત એવા ખેત-શ્રમયોગીઓ માટેના દૈનિક લઘુત્તમ વેતન દરમાં ૨૫ ટકા વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વર્તમાન કમ્મરતોડ મોંઘવારીમાં શ્રમિકોને રાહત આપવાના કલ્યાણકારી અભિગમને ધ્યાનમાં લઈને હાલમાં ખેત શ્રમયોગીઓને રૂા. ૧૨૦નું દૈનિક લઘુત્તમ વેતન મળે છે તે વધારીને રૂા. ૧૫૦નું કરવામાં આવ્યું છે જે ભારત સરકારના હાલના તળીયાના રાષ્ટ્રીય લઘુત્તમ વેતનના દૈનિક રૂા. ૧૩૭ના દર કરતાં પણ વધારે છે એમ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીઓ નિતીન પટેલ અને સૌરભ પટેલે જણાવ્યું હતું. પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે ગુજરાતમાં કૃષિક્ષેત્રે પોતાનો પરિશ્રમ પૂરો પાડતા ૭૨ લાખ જેટલા ખેત શ્રમયોગીઓ છે જેને પ્રત્યેકને રૂા. ૧૨૦ને બદલે રૂા. ૧૫૦નો દર મળતા દૈનિક રૂા. ૩૦નો સાધો વધારો લઘુત્તમ વેતન દરમાં મળતો થશે અને વાર્ષિક રૂા. ૩૩૭૦ કરોડથી ૫૦૦૦ કરોડનો આર્થિક ફાયદો ખેત-શ્રમજીવીઓને રાજ્ય સરકારે આપવાનો સ્તુત્ય નિર્ણય લીધો છે.

પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા ગત જુલાઈ-૨૦૧૩માં જાહેર કરવામાં આવેલ તળીયાના રાષ્ટ્રીય લઘુત્તમ વેતનના દૈનિક રૂા. ૧૩૭ના દર જાહેર કર્યા હતા તેના કરતાં પણ ઉંચા દરે ગુજરાત રાજ્યના ખેત શ્રમયોગીઓ માટેના દૈનિક લઘુત્તમ વેતન દરમાં રાજ્ય સરકારે વધારો કર્યો છે અને શ્રમયોગી કલ્યાણના અભિગમ સાથે કારમી મોંઘવારીના કપરા સમયમાં સમાજના દરિદ્રનારાયણ એવા ખેત

● અનુસંધાન પાન-૭ પર

વોક-ઈન-ઈન્ટરવ્યુ

ડીસ્ટ્રીક્ટ અર્બન હેલ્થ યુનિટ, જિલ્લા પંચાયત, ગાંધીનગર હેઠળના અર્બન હેલ્થ સેન્ટર-કલોલ-૨ ખાતે લેબોરેટરી ટેકનીશીયન જગ્યા-૧ તથા અર્બન હેલ્થ સેન્ટર - પેથાપુર ખાતે ફાર્માસીસ્ટ જગ્યા-૧ કરાર આધારિત ૧૧ માસ ફિક્સ પગાર રૂ. ૮૫૦૦/-થી જગ્યાઓ ભરવાની થતી હોય જે ઉમેદવારોની ઉંમર-૫૮ વર્ષથી વધુ ન હોય, તેઓએ નીચે જણાવેલ જરૂરી શૈક્ષણિક લાયકાતના અસલ તેમજ પ્રમાણિત નકલ સહિત **તા. ૨૧/૧૨/૨૦૧૩ના રોજ તાલુકા હેલ્થ કચેરી, સરકારી દવાખાનું, સેક્ટર-૧૬, ગાંધીનગર** ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યુમાં હાજર રહેવાનું જણાવવામાં આવે છે. (રજીસ્ટ્રેશન સમય : ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાકનો રહેશે.)

શૈક્ષણિક લાયકાત :

(૧) **લેબોરેટરી ટેકનીશીયન** : બી.એસ.સી. માઈક્રોબાયોલોજી અથવા કેમેસ્ટ્રી મેઈન વિષય હોવો જોઈએ અથવા એમ.એસ.સી.માં ઓર્ગેનીક અથવા માઈક્રોબાયોલોજી સાથે એલ.ટી. કોર્સ સરકાર માન્ય સંસ્થા અથવા મેડીકલ કોલેજમાંથી કરેલ હોવા જોઈએ. લેબોરેટરીમાં કામગીરીનો અનુભવ હોય, તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૨) **ફાર્માસીસ્ટ** : ડીગ્રી અથવા ડીપ્લોમામાં સરકાર માન્ય સંસ્થામાંથી કરેલ હોવું જોઈએ અને તેઓનું રજીસ્ટ્રેશન ગુજરાત ફાર્માસી કાઉન્સીલમાં હોવું જોઈએ. જેઓએ હોસ્પિટલ / ડીસ્પેન્સરીમાં ફાર્માસીના કામગીરીનો અનુભવ ધરવતા હશે, તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે. વધારાની લાયકાત તરીકે કોમ્પ્યુટરની જાણકારી હોવી જોઈએ.

સહી/-
સભ્ય સચિવ
જિલ્લા અર્બન હેલ્થ યુનિટ અને
અધિક જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર

પરાગ પટેલ (જંજુ)
રજનીભાઈ શાહ
નરેન્દ્ર પટેલ (જંજુ)
મો. ૯૫૧૧૫૮૫૨૭૬
મો. ૮૮૬૬૧૦૮૬૬૨
મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbreakable
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૯૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com